# પાલનપુરના ભૂતેડી ગામે પરિવાર લગ્નમાં ગયો અને પાછળથી તસ્કરોએ ઘરમાં હાથ સાફ કર્યો

**પાલનપુર૩ કલાક પહેલા બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ૭૦ હજાર રોકડા લઇ ફરાર**

પાલનપુર તા.

પાલનપુર ભૂતડી ગામમાં એક પરિવાર લગ્નમાં જતા તસ્કરોએ મોકાનો ફાયદો ઉઠાવી બંધ મકાનમાં ઘૂસી તિજોરી તોડી તિજોરીમાં પડેલાં રોકડ ૭૦ હજાર જેટલી રકમ ચોરી થયા હોવાની ઘટના સામે આવી છે.

પાલનપુર તાલુકાના ભુતેડી ગામે પોપટલાલ મોદીનો પરિવાર લગ્નમા ગયો હતો અને અજાણ્યા ઈસમો બંધ મકાનનું તાળું તોડી ઘરમાં પડેલી તિજોરીમાંથી રોકડ રકમ લઈ ફરાફ થઈ ગયા હતા. ચોરીનીની જાણ લોકોને થતા મકાન મલિક ન જાણ કરતા મકાન માલિક ઘરે આવી તપાસ કરતા ઘરમાં તિજોરીમાં પડેલો સામાન વેરવિખેર પડેલો જોવા મળ્યો હતો.

પોપટલાલ મોદીએ તપાસ કરતાં તિજોરીમાં પડેલા ૭૦ હજાર રૂપિયા રોકડા તસ્કરો લઈ ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી હતી.

# કાશી વિશ્વનાથના લોકાર્પણ તીર્થસ્થળના સીધા દર્શન અંબાજી શક્તિપીઠમાં બેસીને કર્યા

**અંબિકેશ્વવર મહાદેવજીને જળાભિષેકનો કાર્યક્રમ યોજાયો**



પાલનપુર તા.

ભારતના વિશ્વ વિખ્યાત તીર્થસ્થળ વારાણસીમાં કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર ૨૦૧૪ માં શરૂ કરવામાં આવ્યો હતો જે ૨૦૨૧ માં પૂર્ણ થતાં જેનો આજે દિવ્યકાશી ભવ્યકાશી ના મંત્ર સાથે બનાવેલા કોરિડોરના લોકાર્પણનો કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યો હતો આ સમગ્ર કાર્યક્રમનુ સીધુ પ્રસારણ ભારત દેશજ નહી પણ સમગ્ર વિશ્વમાં લાઈવ પ્રસારણ થકી શ્રદ્ધાળુઓએ કાશી વિશ્વનાથના દર્શન નો લાભ લીધો હતો યાત્રાધામ અંબાજી ખાતે પણ અંબાજી મંદિરના ચાચરચોકમાં વિશાળ એલ ઈ ડી મૂકી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કાર્યક્રમ સીધુ પ્રસારણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું જેને અંબાજી મંદિર ખાતે દર્શને આવેલા શ્રદ્ધાળુઓ સાધુ-સંતો-મહંતો ઉપરાંત ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં સમગ્ર કાર્યક્રમ નિહાળ્યો હતો અને કાશી વિશ્વનાથના એક

તીર્થસ્થળના સીધા દર્શન બીજા શક્તિપીઠમાં બેસી ને કર્યા હતા આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંતો-મહંતો અને ભાજપના અગ્રણી કાર્યકર્તા અંબાજી મંદિરમાં આવેલા શ્રી અંબિકેશ્રવર મહાદેવજી ને જળાભિષેક નો કાર્યક્રમ પણ યોજાયો હતો અને જાણે પોતે કાશીવિશ્વનાથ માં જળાભિષેક કરતા હોય તેવો મહેસુસ કર્યો હતો આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સાધુ-સંતો-મહંતો નો સાલ ઓઢાડીને સન્માન પણ કરવામાં આવ્યા હતા

આપ્રસંગે અંબાજી શહેર ભાજપા પ્રમુખ ઈન્દરલાલ ગુર્જર,લલીક લોહાર,અંબાજી મંડળ પ્રભારી રેખાબેન ખાણેચા, કાર્યક્રમ ઈન્ચાર્જ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ડાયરેક્ટર શ્રી ગણપતભાઈ જોશી,મંદિર ટ્રસ્ટના ગીરીશભાઈ પટેલ ભટ્ટજીમહારાજ જયશીલભાઈ ઠાકર ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ના તાલુકા પ્રમુખ મહેન્દ્રભાઈ અગ્રવાલ સહીત અનેક શ્રધ્ધાળુઓ મોટી સંખ્યા માં ઉપસ્થીત રહ્યા હતા.

# પાલનપુરના કુંભલમેરમાં પશુઓના ઘાસમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પાલનપુર તાલુકાના કુંભલમેર ગામે પોલીસે પશુઓના સૂકા ઘાસચારામાં સંતાડેલો દેશી-વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. રૂપિયા ૩૬,૩૪૦ નો મુદ્દામાલ કબજે કરી એક શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પાલનપુર તાલુકાના કુંભલમેર ગામે ગઢ પોલીસની ટીમે બલાજી જવાનજી ઠાકોરના રહેણાંક છાપરાની બાજુમાં તપાસ કરી હતી જ્યાં પશુઓના ઘાસચારામાં સંતાડેલો રૂપિયા ૩૬૦૪૦ના વિદેશી દારૂની બોટલ નંગ ૨૪૦ તેમજ રૂપિયા ૧૩૦૦નો દેશી દારૂ ૬૫ લીટર મળી કુલ રૂપિયા ૩૬,૩૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ અંગે ઘરે હાજર ન મળેલા બલાજી ઠાકોર સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**અરવલ્લી એલસીબીએ**

# દાગીના અને રૂપિયા ૧૦ ગણા કરી આપવાની લાલચ આપી લૂંટી લેનાર ત્રણ ઠગને દબોચ્યા




દાહોદ જીલ્લાના દંપતીને મેઘરજના ત્રણ ઠગે થોડા દિવસ અગાઉ તેમની સાથે વિશ્વાસ કેળવી તેમની પાસે રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમને તંત્ર-મંત્ર કરી દસ ઘણા કરી આપવા લલચાવતાં લોભિયા હોય ત્યાં ઠગારા ભૂખે ન મરે તેમ દંપતિ ઠગ ટોળકીની વાતોમાં આવી જતા

ત્રણે ઠગારા દંપતીને લઈ માલપુર તાલુકાના નાથાવાસ ગામના જંગલોમાં પહોંચ્યા હતા અને દંપતી પાસે રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ પર તંત્ર મંત્ર કરવાનું નાટક કરી રૂ.૩.૫૭ લાખનો મુદ્દામાલ લઈ રફુચક્કર થઈ જતા ઠગ ટોળકીનો ભોગ બનેલ દંપતિ હોફાળું-ફોફાળું બન્યું હતું આખરે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગણતરીના દિવસોમાં ત્રણે ઠગને રાજસ્થાનથી દબોચી લઈ ૨.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા દાહોદનું દંપતી આબાદ મેઘરજની મદારી ગેંગનો ભોગ બનતા ઘટનાની ગંભીરતા સમજી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ઠગ ટોળકીને દબોચી લેવા જિલ્લા એલસીબી પોલીસને તપાસ સોંપતા એલસીબી પોલીસે બાતમીદારો રાજસ્થાનના બ્યાવર બાલાજી મંદિર ખાતે હોવાની જાણ થતા તાબડતોડ રાજસ્થાન પહોંચી બે ઠગને દબોચી લઈ ગેંગનો મુખિયા મેઘરજ અજુબાજુમાં આવ્યો હોવાની બાતમી મળતા ત્રણે ઠગને દબોચી લઈ તેમની પાસેથી ૨.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



## ડીસામાં તાપમાનનો પારો ગગડયો : ૧૧.૮ ડીગ્રી : વર્ષનું સૌથી નીચું તાપમાન નોંધાયું...

ડીસા સહિત સમગ્ર રાજ્યમાં ધીમે ધીમે ઠંડી પોતાનું જોર પકડી રહી છે શિયાળા દરમિયાન માવઠું થયા બાદ વાતાવરણ બદલાયું હતું. ત્યારબાદ એકા એક ઠંડીમાં વધારો થયો છે અને રવિવારથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાવા પામ્યો હતો જેથી મંગળવારે પારો ૧૧.૦૮ ડિગ્રીએ પહોંચી જતા સમગ્ર વર્ષમાં નીચામાં નીચું તાપમાન પામ્યું હતું. આ ઠંડીના કારણે બટાકા, રાયડો, ઘઉં, એરંડાના પાકોને ફાયદો થવાની પણ શકયતા રહેલી છે વળી હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં હજુ પણ ઠંડી વધવાની શકયતા જણાવાઈ છે.

# ડીસા તાલુકાના જુનાડીસા હાઈવે ઉપર ટ્રિપલ માર્ગ અકસ્માત સર્જાયો

**રેતી ભરેલી ટ્રકે કાર અને રિક્ષાને અડફેટે લીધા : હાઇવે ઉપર રેતી ભરીને દોડતી ટ્રકોનો ત્રાસ**



ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા હાઈવે ઉપર બપોરના સુમારે રેતી ભરીને દોડતી ટર્બો ટ્રકની અચાનક બ્રેક ફેલ થઈ જતા ટ્રક સ્વીફ્ટ કાર અને રીક્ષાને ટકરાઈ હતી. સદનસીબે ટ્રીપલ અકસ્માતમાં જાનહાની ટળી ગઈ હતી પરંતુ ઉમટી પડેલી જનમેદનીએ રેતી ભરીને ૨૪ કલાક દોડતી ટ્રકો સામે આક્રોશ ઠાલવ્યો હતો.

જુનાડીસા અને વાસણા ગામમાંથી પસાર થતી બનાસ નદીના વિશાળ પટમાંથી રેતીની બિન્દાસ ચોરી થઈ રહી છે. સરકારી ધારાધોરણોનો સદંતર ભંગ કરી આ રેતી ટર્બો ટ્રકો મારફત છેક રાજસ્થાન ઠલવાય છે. રાત-દિવસ ગામ સહિત હાઈવે ઉપર બેફામ ઝડપે દોડતી ટ્રકોના કારણે અવારનવાર માર્ગ અકસ્માતો પણ સર્જાયા છે. તેમ છતાં રેતીની હેરાફેરી અટકતી નથી.ત્યારે મંગળવારે જુનાડીસા હાઈવે ઉપર રેતી ભરીને દોડતી ટર્બો ટ્રક (નં. જીજે ૧૨ એવાય ૮૦૯૮) ની બ્રેક અચાનક ફેલ થઈ જતા ટ્રક આગળ જતી સ્વીફ્ટ કાર અને રીક્ષાને ટકરાઈ હતી.સદનસીબે જાનહાની ટળી ગઈ હતી પણ ટ્રિપલ અકસ્માતના પગલે જનમેદની ઉમટી પડી હતી અને ગામ સહિત હાઈવે ઉપર રેતી ભરીને બેફામ ઝડપે દોડતી ટ્રકોના કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે અને રસ્તાઓ પણ તૂટી ગયા છે. તેથી રેતી ચોરીની ગેરકાયદે અને ગુનાહિત પ્રવૃત્તિને રોકવાની માંગ કરી હતી.

# પાલનપુરની કીર્તિસ્તંભ શાળા ખાતે ડ્રેસ વિતરણ કાર્યક્રમ યોજાયો



પાલનપુર તા.

પાલનપુર ની બ્રાન્ચ શાળા( કીર્તિસ્તંભ) ખાતે આ સ્કુલ ના ભુ.પુ. વિદ્યાર્થી અને વ્યવસાયે અમેરિકા સ્થાયી થયેલ દાતાશ્રી પરેશ પરમાર પરિવાર ના સહયોગથી સ્કુલ ના ૨૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનો ને ડ્રેસ વિતરણ કરવામાં આવેલ. શરૂઆત માં પધારેલ મહેમાનો ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી શાળા ની બાળાઓ દ્વારા સ્વાગત ગીત મા અભિનય કરીને આવકારવામા આવેલ સી.આર.સી સાહેબ દ્વારા સૌ મહેમાનો ને આવકારી ને પરિચય આપેલ પ્રસંગને અનુરૂપ સૌ મહેમાનો પોત. પોતાના મંતવ્યો રજુ કરેલ જેમાં કવિતાબેન પરેશભાઈએ નારીશિક્ષણ ઉપર બહુ ભાર પૂર્વક ઉદબોધન કરેલ પધારેલ મહેમાન અને શાળા ના ભૂ.પૂર્વ વિદ્યાર્થી પ્રકાશ પુરોહિતે પોતાના વિદ્યાર્થીકાળ ના સંસ્મરણો વાગોળ્યા અને અને સૌ વિદ્યાર્થીઓને પરેશ નું પ્રેરણાસ્રોત બતાવી ને વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદરશન આપેલ કાર્યક્રમ ના અંતે શાળાના આચાર્યશ્રી દલપતભાઈ ડાભી એ આભારવિધિ કરેલ

# પ્રાંતિજના મજરા પાસે વિજ કરંટ લાગતા કંડકટરનુ મોત

**ટ્રક ઉપર ઢાંકેલ તાડપત્રી ખોલવા જતા ઉપર રહેલ ૧૧ કેબી વિજ વાયર અટકી જતા મોત : કંડકટર ને વિજ કરટ લાગતા ટ્રક ચાલક ધટના સ્થળે થી ટ્રક મુકીને ભાગી ગયો**



પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા ખાતે સીક્સ લાઈન ના કામને લઈ ને બની રહેલ બ્રીજ મા રાખોડી ખાલી કરવા માટે આવેલ ટ્રક ના કંડકટર નુ વિજ કરટ લાગતા ધટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત

ચિલોડા-શામળાજી નેશનલ હાઈવે આઠ ઉપર હાલ સીક્સ લાઈન નુ કામ ચાલુ હોય જેમા પ્રાંતિજ ના મજરા ત્રણ રસ્તા પાસે રોડ ની સાથે બ્રીજ નુ કામ ચાલુ હોય જેમા એક ટ્રક નંબર ય્ત્ન૩૬ફ૩૦૦૪ રાખોડી ભરીને બ્રીજ ના કામમા ખાલી કરવા માટે આવેલ હોય અને ટ્રક ની ઉપર ઢાંકેલી તાડપત્રી ખોલવા ટ્રક નો કંડકટર જતા ઉપર થી પ્રસાર થતી ૧૧ કેબી જીવત વિજ વાયરો પ્રસાર થતા હોય તેને ટ્રક નો કંડકટર પ્રકાશ ભાઈ ઉ.વર્ષ-૩૦ રહે. નાનાચિલોડા, મુળ રહે રાજસ્થાન કે જે વિજવાયરો ને અડકી જતા તેનુ સ્થળ ઉપર જ ટ્રક ની ઉપર વિજ કરટ લાગતા કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ તો ટ્રક ચાલક ને ખબર પડતા તે ધટના સ્થળે થી ટ્રક મૂકી ને ભાગી ગયો હતો તો મૃતક ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામા આવ્યો હતો તો પ્રાંતિજ પોલીસ ને પણ ખબર પડતા ધટના સ્થળે દોડી આવી આગળ ની તપાસ હાથ ધરી હતી

# સાબરકાંઠાની ધોલવણી આશ્રમશાળામાં ૩ શિક્ષકોની ભરતીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

**મુખ્યમંત્રી સુધી રજુઆત થતા ખળભળાટ**




સાબરકાંઠાના વિજયનગર તાલુકાની કાથોડી ધોલવાણીની આદિજાતિ વિભાગ સંચાલિત ગ્રાન્ટેબલ આશ્રમશાળામાં તાજેતરમાં થયેલી ૩ શિક્ષકોની ભરતીમાં આશ્રમશાળાના સંચાલકો અને સત્તાધીશોએ ભારે ભ્રષ્ટચાર આદર્યો હોવાની એક જાગૃત નાગરિકે મુખ્યમંત્રી અને આદિજાતિ વિકાસ મંત્રીને લેખિત રજુઆત કરતા ખળભળાટ મચ્યો છે મુખ્યમંત્રી કાર્યાલય અને આદિજાતિ વિકાસ મંત્રીએ જવાબદાર તંત્રને નિષ્પક્ષ તપાસના આદેશ કરવામાં આવ્યા છે જાગૃત નાગરિકે ત્રણ શિક્ષકોની ભરતીમાં આશરે ૬૦ લાખ રૂપિયાની લેતીદેતી થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર આશ્રમ શાળાના સંચાલકો અને સત્તાધીશોએ ત્રણ શિક્ષકોની ભરતીમાં ૬૦ લાખથી વધુ રકમ લઈ ત્રણ ઉમેદવારોની ભરતી કરતા સમગ્ર પંથકમાં ભારે ચર્ચા ચાલી રહી છે શિક્ષકની ભરતીમાં અન્યાય થયેલા કેટલાક ઉમેદવારો અને જાગૃત નાગરિકો ને ભ્રષ્ટ્રાચાર ની ગંધ આવતાં તંત્ર અને સંચાલકો પાસે આર.ટી.આઈ. દ્વારા નીતિનિયમ પ્રમાણે ભરતી ની તમામ માહિતી અને કાર્યવાહી ની માહિતી માંગવામાં આવી હતી.પરંતુ અરજદારને આશ્રમશાળા તરફથી કોઈ પ્રત્યુત્તર કે માહિતી આપવામાં આવી ન હતી.

આ સંદર્ભે એક જાગૃત નાગરિકે આ તમામ હ કીકતો સંદર્ભે ગુજરાત રાજ્ય ના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ પૂ લેખિત રજુઆત કરતાં મુખ્યમંત્રીશ્રી ના આદેશથી આને આદિજાતિ મંત્રીશ્રી ની સૂચનાથી આ તમામ ભ્રષ્ટ્રાચાર ની તપાસ કરી તાત્કાલિક ધોરણે યોગ્ય કરી ભરતી રદ કરવા સહિતની કાર્યવાહી કરવાની પણ કાર્યવાહી કરવા તંત્રને કડક સૂચનાઓ આપવામાં આવી છે.સાઈઠ લાખ રૂપિયા ખંખેરી લેવાના બદલે તમામ ભષ્ટ્રાચાર માં સંચાલક ઉપરાંત ભરતી સમિતિના મોટા માથાની પણ સંડોવણી હોવાથી તમામે બચવા હવાતિયાં મારવાનાં ચાલુ કરી દીધા હોવાનું જાણવા મળ્યું છે.જે હોય તે પણ સંવેદનશીલ સરકારે ભષ્ટ્રાચાર ના ભોરીગને નાથવા આને તેમાંય વિજયનગર તાલુકા જેવા પછાત વિસ્તારોમાં આશ્રમશાળાઓમા આને તેમાંય સરકારી ગ્રાન્ટ થી ચાલતી આવી સંસ્થાઓમાં ભરતી માં ચાલતા ચલાવાતા આ ભષ્ટ્રાચાર માં કોઈનેય બક્ષવામાં નહીં આવે એવું જાણીતા સામાજિક કાર્યકર મહેન્દ્રપ્રસાદ પટેલ ની રજુઆત ના પગલે સરકાર દ્વારા કડક વલણ અપનાવવામાં આવતા ભષ્ટ્રાચાર આચરનારા તત્વો ફફડી ઉઠ્યા છે અને જેને નોકરી માં પૈસ આપ્યા છે એવા ઉમેદવારો અને વાલીઓ પણ ફફડી ઉઠ્યા છે..

# ડીસા આખોલ ચોકડી નજીક નેશનલ હાઈવે પર રેતી ઠાલવી દેતા વાહન ચાલકોને ભારે હાલાકી

**સ્થાનિક તંત્રને લોકોએ જાણ કરવા છતાં હજી સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી :અજાણ્યા ડમ્પર ચાલકે રોડ ઉપર જ રેતી ઠાલવી દીધી : ટ્રાફિક ચક્કાજામ**



ડીસા

ડીસાના આખોલ ચાર રસ્તા નજીક આવેલ નેશનલ હાઈવે પર કોઈ અજાણ્યા ડમ્પર ચાલકે રેતી ભરેલું ડમ્પર હાઈવે પર ઠાલવી દેતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી ગઈ છે આજે ચાર દિવસ થવા આવ્યા છે અને વાહન ચાલકો તેમજ સ્થાનિક રાહદારીઓએ સ્થાનિક તંત્રને જાણ કરવા છતાં પણ હજી સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા વાહન ચાલકોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે

બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતનો સીલસીલો હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે તો બીજી તરફ ડીસા આખોલ ચાર રસ્તા પાસે આવેલ નેશનલ હાઈવે પર અજાણ્યા ડમ્પર ચાલકે આખું ડમ્પર ભરેલ રેતી રોડ પર ઠાલવી દેતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે ડમ્પર ભરેલા અજાણ્યા ચાલકે રેતી ભરેલું ડંપર ઠાલવી દેતા અડધો રોડ બંધ હોવાથી ટ્રાફિક જામના પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તેમજ રસ્તા પર રેતી ઠાલવી દેતા રેતીના કારણે કેટલાક મોટર સાઈકલ ચાલકો સ્લીપ ખાઈ પડવાની ઘટનાઓ પણ બનવા પામી છે.આ નેશનલ હાઈવે પર ચાર દિવસ અગાઉ કોઈ અજાણ્યો શખ્સ રેતી ભરેલું ડંપર ઠાલવી જતા રાહદારી તેમજ વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.તેમજ સ્થાનિક તંત્રને પણ જાણ કરવા છતાં હજુ સુધી કોઈજ કાર્યવાહી ન થતા વાહન ચાલકો તેમજ રાહદારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.તેમજ જો રેતી તાત્કાલિક ધોરણે નહિ દૂર કરવામા આવે તો મોટી જાન હાનિ થઈ શકે તેમ છે.

**તંત્રનો અંધેર વહીવટ**

# બાયડ મામલતદરે મૃત્યુ પામેલા કર્મચારીને ગ્રામ પંચાયત ચૂંટણીમાં નોડલ ઓફીસરની કામગીરી સોંપી

**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું ૬ મહિના અગાઉ મૃત્યુ છતાં કામગીરી સોંપાઈ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪


બાયડ તાલુકાની ૪૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે ત્યારે તા.૧૮ ડિસેમ્બરે ચૂંટણી કામગીરીના હૂકમો વહેંચવામાં આવશે. બાયડ મામલતદાર દ્વારા ૬ મહિના અગાઉ મૃત્યુ પામેલા કર્મચારીની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નોડલ ઓફીસર તરીકે નિયુક્તિ કરી કામગીરીની ફાળવણી કરતાં તંત્રના અંધેર વહીવટ સામે રોષ જોવા મળ્યો. જે કર્મચારીનું કોરોનાથી મોત નિપજ્યું છે તેમના સ્થાને અન્ય કર્મચારીની સરકાર દ્વારા નિયુક્તિ કરાઈ છતાં આવો છબરડો કેમ વળ્યો..!! તેના લીધે અનેક સવાલ ઉભા થયા છે.

પ્રાપ્ત જાકારી મુજબ બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન. એમ. તરાલનું કોરોનાના કારણે ૬ મહિના અગાઉ મોત નિપજ્યું છે. તેમના સ્થાને નવા ટી.પી.ઓ.ની નિયુક્તિ પૂર્ણ થઈ છે પરંતુ ગતરોજ બાયડ મામલતદાર દ્વારા આગામી તા.૧૯ ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવાની હોવાથી ૧ દિવસ અગાઉ સરકારી વિનયન કોલેજ-વાત્રક ખાતે ચૂંટણી હુકમો વહેંચણી અગાઉ અન્ય સાહિત્ય ચૂંટણીની કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓને આપવાના હોવાથી નોડલ ઓફીસરની નિયુક્તિ કરવામાં બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ.તરાલનું ૨૭ ૫.-૨૦૨૧ના રોજ કોરોનાથી મોત નિપજ્યું હોવા છતાં સદ્દગત કર્મચારીને નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરાતાં આ મામલો જિલ્લાભરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

# જન્મદિને વધામણી




કલ્પેશભાઈ પટેલ
વડોદરા



લક્ષ્મણભાઈ પટેલ
ચેરમેન, ગ્રોમોર ફાઉન્ડેશન
હિંમતનગર, હરિપુરા કંપા



સુરેન્દ્રસિંહ રાઠોડ
પીપરાળા, માલપુર



વિણાબેન હરેશબાઈ પટેલ
બૂતાલ, વડોદરા